સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૨૫/૦૧/૨૦૨૧નાં પત્ર ક્ર:રાચઆ/ચટણ/સ્થા.સ્વ./૩૮૫/૦૧૨૦૨૧/ક નું સાંધણ.

પ્રતિ,

(૧) ચુંટણી અધિકારીશ્રી(તમામ), સુરત મહાનગરપાલિકા, સુરત

(૨) ચુંટણી અધિકારીશ્રી(તમામ), કડોદરા/તરસાડી/માંડવી/બારડોલી નગર પાલિકા, સુરત

(૩) ચુંટણી અધિકારીશ્રી(તમામ), જિલ્લા પંચાયત, જિ.સુરત

(૪) ચુંટણી અધિકારીશ્રી(તમામ), તાલુકા પંચાયત તમામ, જિ.સુરત

(૫) નોડલ ઓફીસરશ્રી(તમામ), સ્થાનિક સ્વરાજ્ય સામાન્ય ચુંટણી-૨૦૨૧, જિ.સુરત

(૬) કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત

(૭) પોલિસ કમિ.શ્રી, સુરત શહેર, અઠવાલાઇન્સ , સુરત

(૮) જિલ્લા વિકાસ અધિ.શ્રી, જિલ્લા પંચાયત, દરયામહેલ, સુરત

(૯) પોલિસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરત

(૧૦) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી, સુરત

(૧૧) માહિતી નિયામકશ્રી, ચોક બજાર, સુરત.

(૧૨) નિયામકશ્રી, ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ, લંબે હનુમાન રોડ, સુરત

(૧૩) મેનેજરશ્રી, દક્ષીણ ગુજરાત વીજ કું. લી., કાપોદ્રા ચાર રસ્તા, વરાછા રોડ, સુરત,

(૧૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અઠવાલાઇન્સ, સુરત.

(૧૫) નોડલ અધિકારીશ્રી (કોવિડ-૧૯)અને એપીડેમીક મેડીકલ ઓફીસરશ્રી, જિલ્લા પંચાયત, સુરત

(૧૬) નોડલ અધિકારીશ્રી (કોવિડ-૧૯) ડેપ્યુટી હેલ્થ ઓફીસરશ્રી(એપેડીમિક), સુરત મહાનગરપાલિકા.

૨/- પ્રસ્તુત કામે સચિવશ્રી, રાજ્ય ચુંટણી આયોગએ તેમાનાં ઉક્ત તા.૨૫/૦૧/૨૦૨૧નાં પત્રથી ફેબ્રુઆરી-૨૦૨૧માં યોજાનાર સ્વરાજય એકમોની સામાન્ય ચૂંટણી દરમ્યાન કોવિડ-૧૯ પેન્ડેમિકની પરિસ્થિતી ધ્યાને લેતા ચૂંટણી સંચાલન અન્વયે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે અનુસરવાની આરોગ્યલક્ષી માર્ગદર્શીકા અત્રે મોકલી આપેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જે મુજબ જાણ તથા જરૂરી અમલવારી થવા સારૂ.

નં.સ્થા.સ્વ./સા. ચુંટણી/કોવિડ-૧૯/વશી.૪૭/૨૦૨૧
ગ્રામ પંચાયત ચૂંટણી શાખા, કલેક્ટર કચેરી,
જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત.
તા.૨૭/૦૧/૨૦૨૧

નોડલ અધિકારી રાજ્ય ચૂંટણી આયોગ
અને
નિવાસી અધિક કલેકટર
સુરત

જા.નં. માધ્ય/ ૭૧૨
તા. ૨૮/૧/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/ [illegible] શાળાઓ તરફ

૨/- [illegible] જાણ [illegible] સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી

ચૂંટણી/અગ્રતા

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૩૮૫-૦૧૨૦૨૧-ક

રાજ્ય ચૂંટણી આયોગ
બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫-૦૧-૨૦૨૧

પ્રતિ,

શહેર/જિલ્લા મ્યુનિસિપલ/જિલ્લા ચૂંટણી અધિકારી અને
કલેક્ટરશ્રી (તમામ)

વિષય: ફેબ્રુઆરી-૨૦૨૧માં યોજવાની થતી ગુજરાત રાજ્યના સ્વરાજ્યના એકમોની સામાન્ય/પેટા ચૂંટણી દરમ્યાન કોવિડ-19 પેન્ડેમિકની પરિસ્થિતિ ધ્યાને લેતા ચૂંટણી સંચાલન અન્વયે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે અનુસરવાની આરોગ્યલક્ષી માર્ગદર્શિકા અંગે.

શ્રીમાન/ મહોદયા,

ઉપર્યુકત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, ફેબ્રુઆરી-૨૦૨૧માં ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય તથા પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીઓ કોવિડ-૧૯ પેન્ડેમિકની સ્થિતિમાં યોજાનાર છે જેથી આ પરિસ્થિતિની ગંભીરતા ધ્યાને લેતાં ચૂંટણીનાં સંચાલન અન્વયે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે અનુસરવાની આરોગ્યલક્ષી માર્ગદર્શિકા આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. સમગ્ર ચૂંટણીનાં સંચાલનના તમામ તબક્કાઓ દરમ્યાન આરોગ્ય વિષયક માર્ગદર્શિકાનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(મહેશ જોશી)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

નકલ જરૂરી કાર્યવાહી સારુ રવાના:

૧.કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, ગાંધીનગર

૨.રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો

નકલ રવાના :

-માન. રાજ્ય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર

-સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર

-સંયુક્ત કમિશ્નરશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ.ગાંધીનગર.

ફેબ્રુઆરી-૨૦૨૧માં યોજવાની થતી ગુજરાત રાજ્યના સ્વરાજ્યના એકમોની સામાન્ય/પેટાચૂંટણી દરમિયાન કોવિડ-૧૯ પેન્ડેમિકની પરિસ્થિતિ ધ્યાને લેતાં ચૂંટણી સંચાલન અન્વયે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે અનુસરવાની આરોગ્યલક્ષી

માર્ગદર્શિકા

તા.૨૫/૦૧/૨૦૨૧

રાજ્ય ચૂંટણી આયોગ,

બ્લોક નં.૯/૬,સરદાર ભવન,

ગાંધીનગર.

રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર.
તા. ૨૫ /૦૧/૨૦૨૧

## ફેબ્રુઆરી–૨૦૨૧ માં યોજવાની થતી ગુજરાત રાજ્યની સ્વરાજ્યના એકમોની સામાન્ય/પેટા ચૂંટણી દરમિયાન કોવિડ–૧૯ પેન્ડેમિકની પરિસ્થિતિ ધ્યાને લેતાં ચૂંટણી સંચાલન અન્વયે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે અનુસરવાની આરોગ્યલક્ષી માર્ગદર્શિકા

[૧] <u>સામાન્ય સૂચનાઓ:-</u>

૧.૧. ચૂંટણીના કામમાં કાર્યરત દરેક વ્યક્તિએ ચૂંટણીના દરેક તબક્કે ફેસ માસ્ક અવશ્ય પહેરવાનું રહેશે અને વખતોવખત હાથ અવશ્ય સેનેટાઈઝ કરવાના રહેશે. તે માટે સેનેટાઈઝર, સાબુ અને પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.

૧.૨. ચૂંટણીના દરેક તબક્કાના સમયે કાર્યરત દરેક કર્મચારીનું તાપમાન થર્મલ ગનથી તપાસવાનું રહેશે.

૧.3. સામાજિક અંતર (સોશિયલ ડિસ્ટન્સીંગ) જાળવવા માટે શક્ય હોય ત્યાં સુધી ચૂંટણીના દરેક તબક્કે કામગીરી માટે મોટા અને વધુ હોલનો ઉપયોગ કરવાનો રહેશે.

કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ નિયમો મુજબ સાર્વજનિક સ્થળે થૂંકવું તેમજ
૧.૪. કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ નિયમો મુજબ સાર્વજનિક સ્થળે થૂંકવું તેમજ પ્રતિબંધ છે અને ફેસમાસ્ક ન પહેરનારને દંડ
પાન, ગુટકા,તમાકુ વગેરે ખાવા પર પ્રતિબંધ છે અને ફેસમાસ્ક ન પહેરનારને દંડ
કરવાનો રહેશે.

[૨] <u>*નોડલ અધિકારીની નિમણૂક અને કામગીરી:-*</u>

૨.૧. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન COVID-19 અને તેનું સંક્રમણ રોકવામાં આવે તેના નિરીક્ષણ માટે રાજ્ય કક્ષાએ અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય),કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરીને આરોગ્ય ખાતાના નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

૨.૨ જિલ્લા કક્ષાએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન COVID-19 સંબંધિત વ્યવસ્થાઓની દેખરેખ માટે અને નિવારક પગલાં માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને આરોગ્ય ખાતાના જિલ્લા કક્ષાના નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવે છે. તેમણે કલેક્ટરશ્રી સાથે સંકલન જાળવવાનું રહેશે.

૨.૩. મહાનગરપાલિકા, જિલ્લા, નગરપાલિકા/તાલુકા પંચાયત વિસ્તાર માટે COVID-19 સંબંધિત વ્યવસ્થાઓની દેખરેખ અને સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન નિવારક પગલાં માટે અનુક્રમે આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા, જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રીની નોડલ આરોગ્ય અધિકારી તરીકે નિયુક્તિ કરવાની રહેશે.

૨.૪ આરોગ્ય ખાતાના નોડલ ઓફિસર્સ ચૂંટણી દરમિયાન કોવિડ-૧૯ ને અટકાવવા તમામ જરૂરી પગલાં લેવામાં આવે છે તેની ખાતરી કરશે. આ અધિકારીઓના નામ અને નંબર ચૂંટણીમાં કાર્યરત તમામ અધિકારીઓ/કર્મચારીઓને ઉપલબ્ધ કરાવવાના રહેશે.

૨.૫. નોડલ અધિકારી દ્વારા મતદાનના આગળના દિવસના કોવિડ-૧૯ પોઝિટિવ રિપોર્ટ કેસની માહિતી સંબંધિત પ્રાંત અધિકારીશ્રી, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, ચૂંટણી અધિકારીશ્રી તથા આ માટે નિયુક્ત જિલ્લા, તાલુકા કક્ષાના ચૂંટણી નોડલ અધિકારીશ્રીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૨.૬. નોડલ આરોગ્ય અધિકારીશ્રી પાસેથી મળેલ માહિતી પ્રાંત અધિકારીશ્રી / મામલતદારશ્રી સંબંધિત ચૂંટણી અધિકારી અને મતદાન ટુકડીને ઉપલબ્ધ કરાવશે.

[3] ***<u>રાજકીય પક્ષો/ ચૂંટણીમાં ભાગ લેનાર ઉમેદવાર દ્વારા ચૂંટણી પ્રચારઃ-</u>***

૩.૧. ***<u>ડોર ટુડોર ઝુંબેશ</u>***- અસલમાં હોય તેવી COVID-19 માર્ગદર્શિકા સહિતના વખતોવખતના કોઈપણ અન્ય પ્રતિબંધોને આધિન ઉમેદવાર સહિત વધુમાં વધુ પાંચ વ્યક્તિઓ (સુરક્ષા કર્મચારીઓને બાદકરતાં) ડોર ટુ ડોર ઝુંબેશમાં જઇ શકશે.

૩.૨. ***<u>રોડ શો</u>*** - ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ અમલમાં હોય તેવા આદેશોને આધિન વાહનોનો કાફલો દર પાંચ વાહન પછી છૂટો પાડવાનો રહેશે (સુરક્ષા વાહનોને બાદ કરતાં)આ વાહનોના બે કાફલા વચ્ચે 100 મીટરના અંતરના બદલે

અડધો કલાકનો અંતરાલ રાખવાનો રહેશે. ગૃહ વિભાગની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

3.3. <u>ચૂંટણી સભાઓ</u>-COVID-19 દિશાનિર્દેશોનું પાલન કરીને જાહેર સભાઓ/રેલીઓ યોજવા માટે COVID-19 દિશાનિર્દેશોનું અને કેન્દ્ર/રાજ્ય સરકારની વખતો વખતની માર્ગદર્શિકાનું પાલન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીએ નીચે મુજબના પગલાં લેવાનાં રહેશે.

- જાહેર સભા યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારીએ સ્પષ્ટપણે નિયત કરેલ એન્ટ્રી/એક્ઝિટ પોઇન્ટ સહિતનાં મેદાનો અગાઉથી મુકરર કરી લેવાનાં રહેશે.
- આવા નિયત મેદાનોમાં હાજરી આપનાર લોકો માટે સામાજિક અંતરના ધોરણોને સુનિશ્ચિત કરવામાં આવે તે જિલ્લા ચૂંટણી અધિકારીએ અગાઉથી સુનિશ્ચિત કરવાનું રહેશે.
- રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા જાહેર કરેલી માર્ગદર્શિકા મુજબ સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ મેળાવડામાં ઉપસ્થિતોની સંખ્યા મર્યાદાથી વધુ ન હોય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીએ અને પોલીસ અધિક્ષકે કાળજી લેવાની રહેશે. અને COVID-19 દરમ્યાન સામાન્ય ચૂંટણી સંબંધી માર્ગદર્શિકાઓનું પાલન કરવાનું રહેશે.
- કોવિડ-૧૯ સૂચનાઓ/માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન થાય તે બાબત જિલ્લા આરોગ્ય નોડલ અધિકારી, પોલીસ અધિક્ષક અને જિલ્લા ચૂંટણી અધિકારીના સંપર્કમાં રહી સુનિશ્ચિત કરશે.

3.૪. સંબંધિત રાજકીય પક્ષો અને ઉમેદવારોએ કોવિડ-19 પ્રતિરોધક સામગ્રીજેવી કે ફેસ માસ્ક, સેનિટાઇઝર, થર્મલ ગનથી સ્ક્રીનીંગ વિગેરેની જરૂરિયાત સંતોષાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

૩.૫. ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર શક્ય હોય ત્યાં સુધી ઇલેક્ટ્રોનિક/સોશ્યલ મીડિયા મારફત કરવાની બાબતને અગ્રતા આપવાની રહેશે.

૩.૬. ઉમેદવારોએ ચૂંટણી સભા/રેલી યોજવા માટે પ્રવર્તમાન કોવિડ-૧૯ સંદર્ભે કેન્દ્ર/રાજ્ય સરકારની પ્રવર્તમાન માર્ગદર્શિકાનું અને ચૂંટણી વિષયક માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

૩.૭. ચૂંટણી સભા/ રેલીમાં હાજર રહેનાર તમામ વ્યક્તિઓએ માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે.

૩.૮.. કોવિડ-૧૯ સંક્રમિત ઉમેદવારો તેમનો પ્રચાર ઇલેક્ટ્રોનિક માધ્યમો પૂરતો મર્યાદિત રાખવાનો રહેશે અને તેમને પ્રચારમાં સામેલ થવા કે પ્રચારના સ્થળે પ્રત્યક્ષ હાજર રહેવાની છૂટ આપવામાં આવશે નહીં. આ માટે કોવિડ-૧૯ પોઝીટીવ વ્યક્તિઓ માટેની સરકારશ્રીની માર્ગદર્શિકાનું પાલન થાય તે જોવાનું રહેશે.

૩.૯ કોવિડ-૧૯ સંબંધિત કોઇપણ સૂચનાનું ઉલ્લંઘન કરનાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ 51 થી 60 ની જોગવાઈઓ મુજબ તથા આઈપીસીની કલમ-188 હેઠળ કાનૂની કાર્યવાહી તથા દંડને પાત્ર ઠરશે અને ગૃહ મંત્રાલયના તા.૨૯-૦૭-૨૦20ના હુકમ નંબર 40-3/2020-ડીએમ-આઇ(એ) માં ઉલ્લેખિત કાયદાકીય જોગવાઇઓ હેઠળ કાર્યવાહીને પાત્ર ઠરશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ આ બાબત સંબંધિત તમામના ધ્યાન પર લાવવાની રહેશે અને આદર્શ આચાર સંહિતાના ભંગ બદલની કાર્યવાહી કરવા માટે જરૂરી પગલા લેવાના રહેશે.

૨૬.૮.

(ડૉ. દિનકર રાવલ)
અધિક નિયામક (જાહેર આરોગ્ય).
કમિશ્નરશ્રી,આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી,
ગાંધીનગર

(એ.એ.રામાનુજ)
સંયુક્ત કમિશ્નર,
રાજ્ય ચૂંટણી આયોગ,
ગાંધીનગર